
P.09

હવે પીઢ અભિનેતા મિથુન ચક્રવર્તીને પણ ધમકીઓ મળી



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.09

દીકરીને નેની પાસે રાખીને શૂટિંગ પર જવા માટે તૈયાર નથી દીપિકા



www.lokpatrika.in

LOK PATRIKA

RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૯૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક સુદ ૧૧ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 96 • Dt. 12-11-2024 Tuesday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ચાર ધામના દરવાજા બંધ થવાનો સમય નજીક, આ વર્ષે યાત્રાળુઓની સંખ્યામાં ઘટાડો થયો




09

12
NOVEMBER- 2024
TUESDAY



09

ગાઝા અને લેબનોનમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૬૪થી વધુનાં મોત

**ઈડીની ટીમે સપાટો બોલાવ્યો** આઈપીએલની મેચોનું ગેરકાયદે પ્રસારણ કરીને ૫૦૦ કરોડનું નુકસાન કરવા બદલ કડક કાર્યવાહી

# દ. ગુજરાત, કચ્છ અને મુંબઈમાં ૧૮ સ્થળોએ ઇડીના દરોડા

## ફાયર પ્લેસ સ્પોર્ટ્સના નામે ગેરકાયદે પ્રસારણ કરતા માસ્ટર માઈન્ડ ક્રિસ શાહ ઈડીની ઝપટમાં । ગુજરાત અને દુબઈથી ઓપરેટરો અને બુકીઓ સટ્ટાબેટિંગનું કૌભાંડ ચલાવતા હતા

। ક્રાઈમ રિપોર્ટર, અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદના માધુપુરા વિસ્તારમાંથી ૨૨૦૦ કરોડનું સટ્ટા બેટિંગનું કૌભાંડ પકડાયા બાદ ઈડીના અધિકારીઓ પણ આ કેસમાં તપાસ શરૂ કરી હતી. આ સટ્ટાબેટિનના માસ્ટર નિલેશ રામી ની ઉત્તરાખંડ માંથી ધરપકડ કરાઈ હતી તપાસ કરતા એવી માહિતી બહાર આવી હતી કે દેશભરમાં ૧૦,૦૦૦ થી વધારે બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા હતા અને આ સટ્ટાબેટિંગના માસ્ટર માઈન્ડ ગણાતા અને દુબઈથી ઓપરેટ કરતા બુકીઓ અમિત મજેઠીયા અને મહાદેવ એપના સૌરભ ચંદ્રાકર હજુ પણ વોન્ટેડ છે. ત્યારે ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટર રેટના અધિકારીઓએ મુંબઈ દિલ્હી ગુજરાતમાં કચ્છ અને દક્ષિણ ગુજરાતના મળીને કુલ ૧૮ સ્થળોએ IPLની મેચોનું ગેરકાયદેસર પ્રસારણ કરવા બદલ દરોડાની કાર્યવાહીએ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં એરફોર્સમેન્ટના અધિકારીઓએ ૧૧૭ કરોડની બેનામી મિલકતો જપ્ત કરી છે જ્યારે ગેરકાયદે પ્રસારણ કરવા બદલ ₹૫૦૦ કરોડ રૂપિયાનું આર્થિક નુકસાન થયું હોવાનું બહાર આવ્યું છે મુંબઈ અને ગુજરાતમાંથી IPLની મેચોનું ગેરકાયદેસર પ્રસારણ કરીને ઓનલાઈન બેટિંગ કરાતી હતી દરોડા દરમિયાન બેંક ખાતાઓમાં પડેલા ફંડ બેનામી મિલકતોના દસ્તાવેજો ચાંદીની પાટો મળીને પાંચ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અંદાજે ૧૫૦ કરોડની બેનામી મિલકતો અંગેના દસ્તાવેજો ડિજિટલ ડિવાઈસ જપ્ત કરવામાં આવ્યા છે. મુંબઈ પોલીસના સાયબર સેલમાં ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ સામે એફઆઈઆર કર્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી.

### પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

મુંબઈ પોલીસના સાયબર સેલમાં ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ સામે એફઆઈઆર કર્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ આ કેસની તપાસ એરફોર્સમેન્ટના અધિકારીઓ પાસે આવી હતી તેમાં એવી હકીકતો બહાર આવી કે ફાયર પ્લે સ્પોર્ટ્સ તથા અન્ય કંપનીઓ સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો ફાયર play sports અને અન્ય કંપનીઓ ચલાવતા માસ્ટર માઈન્ડ ક્રિશ લક્ષ્મીચંદ શાહ નું નામ બહાર આવ્યું હતું. આ માસ્ટર માઈન્ડ દ્વારા ફાયર પ્લે સ્પોર્ટ ઉપરાંત ફાયર play વેન્ચર મેનેજમેન્ટ એન વી. ફાયર play સ્પોર્ટ સર્વિસ. ફાયર પ્લે મેનેજમેન્ટ ડી એમ સી સી જે દુબઈથી ઓપરેટ કરવામાં આવતી હતી. પાવર પ્લે વેન્ચર હોલ્ડિંગ લિમિટેડ માલટા અને દુબઈ ખાતેથી ઓપરેટ કરવામાં આવતી હતી.

### ૫૦૦ કરોડના આર્થિક નુકસાનનો આંક વધવાની શક્યતા

ફાયર પ્લેનો માસ્ટર માઈન્ડ ક્રિસ લક્ષ્મીચંદ શાહ દુબઈથી સત્તા બેટિંગનો હવાલો પાડતો હતો ગુજરાતમાં કચ્છ અને દક્ષિણના કેટલાક વિસ્તારોમાં અને ઓપરેટરો તેમનું કામ કરતા હતા કીડીના અધિકારીઓએ કેટલાક સક્ષોની પૂછ પર જ કરતા એવી હકીકત બહાર આવી કે ઓપરેટ કરતા કેટલાક શખ્સો ટેકનિકલી અને ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ સપોર્ટ સર્વિસ આપતા હતા .આઈપીએલના સટ્ટા બેટિંગ માંથી મેળવેલી રકમમાંથી કરોડો રૂપિયાની બેનામી સંપત્તિ ઊભી કરવામાં આવી છે જે પૈકી ૧૧૭ કરોડની મિલકત જપ્ત કરી લેવામાં આવી છે. હાલ આ કેસની તપાસ ચાલી રહી છે અને વાય કેમ ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ અને ફાયર પ્લેસ સ્પોર્ટ્સ દ્વારા ગેરકાયદે પ્રસારણ કરીને ઓનલાઈન બેટિંગ કરવાના કૌભાંડમાં અત્યાર સુધીમાં ૫૦૦ કરોડનું આર્થિક નુકસાન થયું હોવાનું જાણવા મળે છે જે આંક વધે તેવી શક્યતાઓ રહેલી છે

**રાજકોટ સિટિઝન બેંકની ચૂંટણીમાં મામા ભાણિયાની લડાઈ ચરમસીમાએ પહોંચી**

# રાજકોટ નાગરિક સહકારી બેંકની ચૂંટણીઃ ફોર્મ રદ કરવા સામે કલ્પક મણિયાર કોર્ટમાં જશે

। પ્રતિનિધિ,રાજકોટ,તા.૧૧ ।

રાજકોટ નાગરિક સહકારી બેંકની ચૂંટણીને લઈને એક પછી એક નાટ્યાત્મક ઘટનાક્રમ બની રહ્યા છે. સંસ્કાર પેનલના ૧૫ ઉમેદવારમાંથી ચારના ફોર્મ રદ થતાં કલ્પક મણિયાર સહિતના ત્રણ ઉમેદવાર હાઈકોર્ટમાં જશે. તેમા ચૂંટણી અધિકારીએ ફોર્મ રદ કરવાના લીધેલા નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવશે.



આ સમગ્ર મામલે સંસ્કાર પેનલનો દાવો છે કે બેવડા સભ્યપદના નિર્ણયનો અમલ થઈ શકે તેમ નથી અને બેવડા સભ્યપદના નિયમ હેઠળ ફોર્મ પણ રદ કરવામાં આવ્યા છે, કૌભાંડના આક્ષેપો વચ્ચે સહકારી ક્ષેત્રમાં રાજકારણ ગરમાયું છે. ગુજરાત હાઈકોર્ટ આ મામલે શું વલણ અપનાવે છે તે જોવું રહ્યું. ત્યારે હવે જોવાનું એ રહે છે કે સંસ્કાર પેનલના ત્રણ ઉમેદવારો અંગે કોર્ટ શું નિર્ણય લે છે.રાજકોટ સિટીઝન બેંકની ચૂંટણીમાં મામા ભાણિયાની લડાઈ ચરમસીમાએ પહોંચી છે. બેંકની ચૂંટણી કોણ લડશે તે તો સમય જ કહેશે. બેંકમાં ૨૧ ડિરેક્ટરોની ચૂંટણીમાં બે મહિલા અનામત છે, જેમાં એક બેઠક અનુસૂચિત જાતિ માટે જાહેર કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરને બેંકના રિટર્નિંગ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હા, રજીસ્ટ્રારને મદદનીશ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.દેશની અગ્રણી અને સિત્તેર વર્ષ જૂની રાજકોટ નાગરિક સહકારી બેંકના તમામ ૨૧ ડિરેક્ટરોની ચૂંટણી માટે ૪ નવેમ્બરથી ઉમેદવારી પત્રો ભરવાના છે.

**ગેનીબેન ઠાકોર તેમના પ્રેમાળ સ્વભાવથી સૌ કોઇના દિલ જીતતા આવ્યા**

# વાવ બેઠક ઉપર ગેનીબેનેનો પ્રચાર માટે નવો નુસખો, ભાજપના કાર્યકર્તાઓને 'ગુલાબ'આપ્યા

## ગેનીબેને ભાજપ કાર્યાલય પર જઇને ગુલાબ આપી કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહને મત આપવા અપીલ કરી

। પ્રતિનિધિ,પાલનપુર,તા.૧૧ ।

વાવ બેઠક ઉપર ગેનીબેનેનો પ્રચાર માટે નવો નુસખો અજમાવ્યો છે. ભાજપના કાર્યકર્તાઓને 'ગુલાબ'આપ્યા છે. જેને લઈને સ્થાનિક રાજકારણમાં ફરી ગરમાવો જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગેનીબેન ઠાકોર તેમના પ્રેમાળ સ્વભાવથી સૌ કોઈના દિલ જીતતા આવ્યા છે.. આજે ફરીએકવાર તેમણે સૌ કોઈનું દિલ જીતી લીધું વાવ બેઠક પર ગેનીબેનનો પ્રચાર કરવાનો અનોખો અંદાજ જોવા મળ્યો. ગેનીબેને ભાજપ કાર્યાલય પર જઈને ગુલાબ આપી કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહને મત આપવા ભાજપના કાર્યકરોને અપીલ કરી.



તેમણે ભાજપ કાર્યાલયમાં સી.જે. ચાવડાને ભેટીને વાતચીત કરી હતી. તેમણે કહ્યું કે મારા વિસ્તારના દરેક લોકોને અમે ગુલાબ આપી વિનંતી કરી રહ્યા છીએ.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ભાજપ કાર્યાલયમાં કેમ ગયા ત્યારે તેમણે કહ્યું કે પ્રચાર કરવા નીકળ્યા હતા.. રસ્તામાં ભાજપનું કાર્યાલય આવતું હતું તો ખેલદિલીપૂર્વક ભાજપના કાર્યાલયમાં પણ ગયા. ગેનીબેને કહ્યું અમે ખેલદિલીપૂર્વક ભાજપ કાર્યાલયમાં ગયા હતા, તેમણે કહ્યું સી.જે.ચાવડા જૂના મિત્ર અને વડીલ છે હું અને સી.જે. ચાવડા સાથી ધારાસભ્યો તરીકે કામ કરી ચૂક્યા છીએ, અમારી વિચારધારા બદલાઈ શકે,પણ વ્યક્તિગત સંબંધો અને લાગણી બદલાઈ નથી''

## મહેસાણામાં એક મહિનામાં ૪૦ શિશુના મોતનો ખુલાસો થતા હડકંપની સ્થિતિ

। પ્રતિનિધિ,મહેસાણા,તા.૧૧ ।

મહેસાણામાં એક મહિનામાં ૪૦ શિશુના મોતનો ખુલાસો થતા હડકંપની સ્થિતિ સર્જાઈ છે. ગત સપ્ટેમ્બર મહિનામાં ૪૦ જેટલા શિશુઓના મોત થતા આરોગ્ય વિભાગમાં દોડતું થયુ છે. ૪૦ શિશુના મોતના ઓછું વજન, સગર્ભાની વહેલી પ્રસૂતિને કારણે શિશુના મોતના કારણો સામે આવ્યાં છે. બાળ મરણ રોકવા આરોગ્ય તંત્ર કામે લાગ્યું છે. માતૃ અને બાળ મરણની યોજાયેલી સમીક્ષા બેઠકમાં ચિંતા કરાઈ છે. સરકારની ગાઈડ લાઈન મુજબ સગર્ભાને સ્ટીરોઈડ આપવા પરિપત્ર કરાયો છે. સગર્ભાને સ્ટીરોઈડ અપાય તો નવજાત શિશુને શ્વાસોશ્વાસને લગતી તકલીફોમાં ઘટાડો થઈ શકે તેવું તંત્રનું અનુમાન છે.સગર્ભાને ૨૮થી ૩૦માં અઠવાડિયા દરમ્યાન સ્ટીરોઇડ અપાતું હોય છે. હવે ૨૮થી ૩૦ અઠવાડિયા વચ્ચે ઈન્જેક્શન આપવા પરિપત્ર કરાયો છે. બે અઠવાડિયા વહેલા ઈન્જેક્શન આપવા પરિપત્ર કરાયો છે. ૪૦ બાળ મરણના અલગ અલગ કારણો જાણવા મળ્યા છે.

## ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ

**હિંમતનગર,તા.૧૧ ।** રાજ્યભરમાં મગફળીની સાથે મગ, અડદ અને સોયાબીનની આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ થતા પહેલી ખરીદીની શરુઆત ગુજરાત સીએમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી હતી. હિંમતનગરથી ભુપેન્દ્ર પટેલે ખરીદીનો શુભારંભ કરાવ્યો છે. જે બાદ હવે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રોથી ટેકાના ભાવે આજે ખરીદી કરાશે. આજથી રાજ્યભરમાં મગફળીની સાથે મગ, અડદ અને સોયાબીનની આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ થતા પહેલી ખરીદીની શરુઆત ગુજરાત સીએમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી હતી. હિંમતનગરથી ભુપેન્દ્ર પટેલે ખરીદીનો શુભારંભ કરાવ્યો છે. જે બાદ હવે ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રોથી ટેકાના ભાવે આજે ખરીદી કરાશે.









**અજગર ભરડો** અમદાવાદ શહેરમાં શરદી, ઉધરસ તાવ સહિત વાઇરલ ઇન્ફેક્શનના ૬,૬૬૩ દર્દી નોંધાયા

# મેટ્રો સીટી અમદાવાદમાં રોગચાળાએ માથું ઉચક્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧।

અમદાવાદમાં છેલ્લા એક સપ્તાહમાં સોલા સિવિલમાં ડેન્ગ્યુના ૧૧૭ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૧૦ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, મેલેરિયાના ૧૯૫ શંકાસ્પદ કેસમાંથી ૧૨ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે શરદી, ઉધરસ અને તાવ સહિત વાયરલ ઈન્ફેક્શનના ૬,૬૬૩ દર્દીઓ નોંધાયા છે.

સોલા સિવિલમાં એક મહિનાના ગાળામાં વાયરલ ઈન્ફેક્શનના ૧૩ હજારથી વધુ દર્દીઓની સારવાર કરવામાં



આવી છે. એક મહિનામાં વાયરલ હેપેટાઈટિસના ૩૮ કેસ નોંધાયા છે, જેમાં ગયા સપ્તાહે ૫ નવા કેસ નોંધાયા છે.એક મહિનામાં ટાઈફોઈડના ૧૭ દર્દીઓની સારવાર કરવામાં આવે છે, જ્યારે એક મહિનામાં ૐ૧૬૧ એટલે કે સ્વાઈન ફ્લૂના ૧૩૩ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩ દર્દીઓ પોઝિટીવ મળી આવ્યા છે. છેલ્લા એક મહિનામાં ચિકનગુનિયાના ૧૬૪ શંકાસ્પદ દર્દીઓ સારવાર માટે આવ્યા છે, જેમાંથી ૨૬ દર્દીઓના રિપોર્ટ કન્ફર્મ થયા છે.અમદાવાદમાં તહેવારો પૂરા થવાની સાથે જ દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.

### બેવડી સીઝનના લીધે રીતસરનો લોકોને બેવડો માર

બેવડી સીઝનના લીધે રીતસરનો લોકોને બેવડો માર પડી રહ્યો છે. બેવડી સીઝનની સાથે ખાનપાનની નિષ્કાળજીએ પણ વાઈરલ ફીવરના કેસોમાં વધારો કર્યો છે.ડોક્ટરોનું કહેવું છે કે બેવડી સીઝનના લીધે શરીરમાં કફ અને પિત્તનું પ્રમાણ વધી જાય છે. તેની સાથે ખાનપાનના મોરચે નિષ્કાળજી તથા મિઠાઈઓ અને હોટેલોના ખાવાના મારાએ લોકોના શરીરની સ્થિતિ બગાડી છે. આના પગલે અમદાવાદમાં વાઈરલ ઈન્ફેકશનના કેસોનું પ્રમાણ પણ વધ્યુ છે. આ સિવાય હજી પણ અઠવાડિયા કરતાં વધુ સમય સુધી બેવડી સીઝન ચાલુ રહેવાની હોવાથી આ આંકડો સતત વધતો જાય તો પણ આશ્ચર્ય નહીં લાગે. આ આંકડો સરકારી હોસ્પિટલોનો છે. હવે જો બીજી ખાનગી હોસ્પિટલોને ઉમેરીએ તો આ આંકડો ખાસ્સો વધી જાય તેમ છે.

CMYK

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## દર મહિને ૪૦ થી ૫૦ લાખનું દાણચોરી નું ગોલ્ડ જપ્ત કરાય છે

# અમદાવાદના એરપોર્ટ પર સોનાની દાણચોરી કરનાર સિન્ડિકેટના કેરિયરો સક્રિય થયા !!

### અખાતે દેશોમાંથી આવતા કેટલાક પેસેન્જર અને કેરીયરો ઈમ્પોર્ટેડ સિગારેટની હેરાફેરી કરવા સક્રિય બન્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અખાતી દેશમાંથી આવતા પેસેન્જર તેમની સાથે દાણચોરીનું સોનુ અને ઈમ્પોર્ટેડ સિગરેટ એન કેન પ્રકારે લાવી રહ્યા છે કસ્ટમના અધિકારીઓ રોજનું આઠથી દસ લાખ રૂપિયા નો દાળ ચોરીનું ગોલ્ડ પકડી રહ્યા છે તેમજ સિગારેટના મોટા જથ્થા પણ જપ્ત કરવામાં આવી રહ્યા છે હાલ ગોલ્ડના ભાવ દિવસેને દિવસે વધતા હોવાથી ડ્રગ માફીઆઓ કેરિયરની મદદથી દેશના જુદા જુદા એરપોર્ટ પર દામ ચોરીનું ગોલ્ડ ઘુસાડી રહ્યા છે ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ પર કેરીઓ રોની હિલચાલ શંકાસ્પદ રીતે વધી ગઈ છે છેલ્લા ત્રણ મહિનામાં બે કરોડથી વધારે નું ગોલ્ડ એરપોર્ટ કસ્ટમના અધિકારીઓએ જપ કર્યું છે દર મહિને અંદાજિત ૪૦



થી ૫૦ લાખનો ગોલ્ડ જપ્ત કરાય છે તેની સામે ૧૦ થી ૧૫ લાખની ઈમ્પ ોર્ટેડ સ્વીકારે પણ જપ્ત કરવામાં આવી રહી છે. દાળ ચોરી થી લાવવામાં આવતું ગોલ્ડ અમદાવાદ વડોદરા સુરત અને રાજકોટના વેપારીઓને વેચી મારવામાં આવે છે દાણચોરી કરીને સોનુ અમદાવાદ એરપોર્ટની બહાર નીકળવા માટે કેરીયરો નવી તરકીબો પણ અજમાવી રહ્યા છે જેમ કે મહિલાઓને સાથે રાખીને શરીરના ભાગમાં અથવા તો કાર્બન પેપર લગાવીને સોનુ બહાર કાઢવામાં આવી રહ્યું છે અતિ મહત્વની બાબત એ છે કે પેસેન્જરની શંકાસ્પદ હલચાલ હોય તો પેસેન્જરની પૂછપરછ કરીને તેના લગેજનું રેડ કેનલમાં સ્ક્રિનિંગ કરાતું હોય છે કેટલાક કિસ્સાઓમાં પેસેન્જર આબાદ બહાર નીકળી પણ જતા હોય છે ચોક્કસ વાતની નહીં હોવાના કારણે કેરિયર અને પ કડી શકાતા નથી સિગારેટ હોય કે પ્રતિબંધિત ડ્રગ્સ હોય અથવા તો મોટી માત્રામાં ગોલ્ડ અમદાવાદ એરપોર્ટ પર આવવાનું હોવાની ચોક્કસ વાતની ડી આર આઈ ને મળે તો જ પેસેન્જરને પકડી શકાય છે બાકી એરપોર્ટ પર કસ્ટમરના અધિકારીઓની આંખમાં દોડ નાખીને નીકળી જવું બહુ જ સરળ છે ગોલ્ડના ભાવ વધ્યા પછી દાણચોરી કરનાર શિન્ડિકેટ સક્રિય થતા એરપ ોર્ટ પર વિજિલન્સ વધારી દેવામાં પણ આવ્યું છે અત્રે ઉલ્લેખનીય છે કે કેટલા અને ચેન્નાઈની ગેંગના ૧૦ કેરીઓની અમદાવાદ ડી આર આઈ ના અધિકારીઓએ ધરપકડ કરી હતી આ કિસ્સામાં બે પેસેન્જરને ગુડ સાથે બહાર નીકળવા દીધા હતા ત્યારબાદ તેમનો પીછો કરીને એરપોર્ટ સર્કલ પાસે આવેલી એક હોટલમાં રોકાયેલા અન્ય આઠ સાદી રતોને ગોલ્ડની ડીલીવરી લેતા ઝડપી લેવામાં આવ્યા હતા આ સમગ્ર કૌભાંડ બહાર આવતા અમદાવાદ ઈન્ટરનેશનલ એરપ ોર્ટ ના પાંચ કસ્ટમ અધિકારીઓની અન્ય તરફ બદલી કરીને નવા અધિકારીઓની નિમણૂક કરાઈ હતી તેમ છતાં પણ દુબઈ મસ્કત શારજહા દોહા અને અબુધાબી તેમજ સિંગાપુર યુકે અને યુએસ થી આવતા પેસેન્ઝરો તેમની સાથે ગોલ્ડ લઈને આવતા હોય છે કેટલાક પેસેન્જર ગોલ્ડને ભઠ્ઠામાં ગાળીને કડા બનાવીને પણ લાવી રહ્યા છે અને ઈલેક્ટ્રોનિક સાધનોની અંદર ગાળેલું સોનું પણ લગાવીને નીકળી જવાના પ્રયાસો કરી રહ્યા છે.

## પાના પક્કડ કોણ લઇ ગયું કહી યુવક પર પથ્થર વડે હુમલો કરી હત્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

મણિનગર વિસ્તારમાં ફૂટપાથ પર રહેતા બે યુવકો પાસે એક વ્યક્તિ પહોંચ્યો હતો અને મારા પાના પક્કડ કોણ લઇ ગયું કહી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાયલી વ્યક્તિએ પ થ્થર વડે બન્ને યુવકો પર હુમલો કર્યો હતો. જેમાં એક યુવકનું મોત થઇ ગયું હતું. હત્યા કર્યા બાદ હત્યારો પલાયન થઇ ગયો હતો. જો કે આ મામલે મણિનગર પોલીસે ફરિયાદ નોંધી હત્યારાને ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો છે. મણિનગર વિસ્તારમાં આવેલ ફૂટપાથ પર ૩૦ વર્ષિય જગદીશ શકરાજી ઠાકોર રહે છે અને છૂટક મજૂરી કરે છે. છેલ્લા ૧૫ દિવસથી જે ફુટપાથ પર જગદીશ રાત્રે સૂતો હતો ત્યાં રહેવા પંકજ નામનો વ્યક્તિ આવ્યો હતો. પકંજ પણ રોજ જગદીશ સાથે સૂઇ જતો હોવાથી બન્નેની ઓળખાણ થઇ હતી. ૨૦મીના રોજ મોડી રાત્રે પ ંકજ અને જગદીશ ફૂટપાથ પર સુતા હતા. ત્યારે વહેલી પરોઢે અશોક કટર નામનો વ્યક્તિ પોતાની ત્રણ પૈડાની સાઇકલ લઇને આવ્યો હતો.

## રાધનપુર રેલવે સ્ટેશને મહિલાએ બાળકી સાથે ટ્રેન નીચે પડતું મૂક્યું

। પ્રતિનિધિ, પાટણ, તા.૧૧ ।

રાધનપુર રેલવે સ્ટેશન ખાતે મહિલાએ પોતાની માસૂમ દૂકરી સાથે ટ્રેનની નીચે પડતું મુકી આત્મ હત્યા કરતાં મહિલાનું મોત નીપ જ્યું હતું જયારે માસૂમ દીકરીને ઈજાઓ પહોચતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવી છે. આ ઘટનાની મળતી હકીકત મુજબ રાધનપ ુર રેલવે સ્ટેશન ખાતે ગુરુવારના રોજ પોતાની માસૂમ દીકરી સાથે ઊભેલી મહિલાએ રેલવે સ્ટેશન પર ટ્રેન આવતાં દીકરી સાથે પડતું મૂક્યું હતુ જેમાં મહિલા મહિલાનું કરુણ મોત નીપજ્યું હતું જ્યારે માસુમ બાળકીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ બનાવની જાણ રેલવે પોલીસને થતા તેઓએ ઘટના સ્થળે દોડી આવી મહિલાની લાશનું પંચનામું કરી તેને પીએમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જ્યારે ઈજાગ્રસ્ત બનેલી માસૂમ બાળકીને પણ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી હતી.

## નારણપુરામાં જુગારધામ પર ક્રાઇમ બ્રાંચના દરોડા, અઢાર ઝડપાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ક્રાઈમ બ્રાંચની ટીમે નારણપુરા અંકુર રોડ પરની સંગીતા સોસાયટીમાં જુગારના અડ્ડા પર દરોડા પાડી ૧૮ જુગારીને ઝડપી લીધા છે. ક્રાઈમ બ્રાંચના એસીપી ભરત પટેલની ટીમે ત્યાં દરોડા પાડીને જુગાર રમતા ૧૮ જુગારીને ઝડપી લીધા હતા. તેમની પાસેથી પોલીસને રોકડ અને ફોન મળી આવ્યા છે. સોલા, સરદારનગર, શાહીબાગ, માધુપ ુરા, શાહપુર અને વાડજમાં જુગારના અડ્ડાથી લોકો પરેશાન છે.ઝડપ ાયેલા જુગારીઓમાં અલ્પેશ ઉર્ફે ટોનો નરેશ પટેલ, ચિરાગ ઉર્ફે ચિન્ટુ રાજેશ પટણી, વિક્રમ સત્યપ્રકાશ કઢેરિયા,રાકેશ ઉર્ફે રાકલો મારવાડી, પાર્થ ઉર્ફે ભયલુ પરમાર, હિતેષ ઉર્ફે હિતિયો યાદવ, ભૂપેન્દ્ર કેશવલાલ જૈન, રાહુલ અલપેશભાઈ ચૌહાણ, વિશાલ વિષ્ણુંભાઈ પરાડિયા, બાબુ કિશનભાઈ મારવાડી, સુનિલ ત્રિકમલાલ જૈન, અશોક ઉર્ફે લખોટી રામચંદ્ર દંતાણી, મનિષ જાનકીપ્રસાદ બાજપાઇ, નિકુલ ખોડિદાસ પટેલ, હિતેશ મહેશભાઈ રાણા, અબ્લુલ રઝાક કુરેશી, હીરાભાઈ પરમાર, કરણ યોગેશભાઇ શાહનો સમાવેશ થાય છે.અમદાવાદ ક્રાઈમબ્રાંચની ટીમને બાતમી મળી હતી કે ચંડોળા તળાવ નજીક ખુલ્લી જગ્ગામાં કેટલાક જુગારી રમી રહ્યા છે. પોલીસે દરોડો પાડી જુગાર રમતા ઈમરાન ઉર્ફે શાહરૂખ શેખ, ભૂપેન્દ્ર ઉર્ફે ભાનુ ડુગરાભાઈ ડાભી અને યુનુસખાન ઉર્ફે ભૂરિયો અસદખાન પઠાણને ઝડપી લીધા હતા.

## પોસ્ટ ઓફિસના બે અધિકારીઓની મિલીભગતથી સમગ્ર કૌભાંડ આચારવામાં આવ્યું

# શાસ્ત્રીનગર પોસ્ટ ઓફિસમાં સિનિયર સિટીઝનોના કરોડો રૂપિયાની ઉચાપતના કૌભાંડમાં ED અને CBI તપાસ કરશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

નારણપુરામાં શાસ્ત્રીનગર વિસ્તારમાં આવેલી સબ ડિવિઝનલ પોસ્ટ ઓફિસમાં નાની બચતમાં રોકાણ કરનાર સિનિયર સિટીઝનના અંદાજિત રૂપિયા ૧૪ કરોડ બોગસ પાસબુક બનાવીને ઉપાડી લેવાના કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચે નારણપુરા પત્રકાર કોલોની માં રહેતા તેજસ જશવંતભાઈ શાહ તેમના પત્ની ગીરાબેન તેજસભાઈ શાહ અને પુત્ર માનવ તેજસભાઈ શાહ તેમજ નારણપુરા રૂપલ પાર્કમાં રહેતા દર્શનાબેન કિરણભાઈ ભટ્ટની ધરપકડ મેં અને જૂન મહિનામાં કરી હતી.એટલું જ નહીં શાસ્ત્રીનગર પોસ્ટ ઓફિસના બે સબ ડિવિઝનલ પોસ્ટ અધિકારીઓની પણ ધરપકડ કરી હતી. આ કેસમાં મોટાપ ાયે નાણાકીય હેરાફેરી થઈ હોવાથી સીબીઆઇ અને ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટર (ૈઙ્ઘ)ના અધિકારીઓએ પણ તપાસ શરૂ કરશે .જેની પાછળનું કારણ એવું છે કે પ ોસ્ટ ઓફિસના બે અધિકારીઓ કેન્દ્રીય કર્મચારીઓ હોવાથી કમિશનની મોટી રકમ લઈને સમગ્ર કૌભાંડ આચરવામાં પોસ્ટ ખાતાના એજન્ટોને મદદગારી કરી હોવાથી સીબીઆઇ કેસ બાદ પોસ્ટ વિભાગના એજન્ટોએ રૂપિયાનું રોકાણ ક્યાં અને કેવી રીતે કરવામાં આવ્યું તેની તપાસ હાથ ધરશે. સૂત્રોએ જણાવ્યું કે ૨૦૦૭માં તેજસ પૈસાની પોસ્ટલ એજન્સી રદ થઈ ગઈ હતી ત્યારબાદ તેમણે તેમના જુના રોકાણકારોને નવી સ્કીમો બતાવીને રોકાણ કરવા માટે જણાવીને તેમને કોટી પાસબુકો આપી દીધી હતી ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ખોટા સિક્કા પાસબુકઓ ચેકબોકો કોથળા ભરીને મળી આવી હતી તેજસભાઈ શાહએ ઉવારસદ નજીક ઍકીર્ષ્ઠ મિલ્ક નામની કંપની પણ શરૂ કરી છે. પોતાના ઘરમાં પણ લાખો રૂપિયાનો ખર્ચ કર્યો હતો એટલું જ નહીં સિંધુભવન રોડ ઉપર એક લક્ઝુરિયસ ફ્લેટ પણ ખરીદ્યો હતો જો કે કેટલાક લેણદારો તેમની લક્ઝુરિયસ ગાડી અને મકાનના કાગળો પણ પડાવી લીધા હતા જો કે તેની તપાસ ચાલુ રહી છે હવે બે સેન્ટ્રલ એજન્સીઓ પ્રિવેશન ઓફ મની લોન્ડરિંગ અને સરકારી હોદ્દા નો દુરુપયોગ કરીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચારવાના કેસની તપાસ કરશે

## ટ્રેનમાં બોગસ સિઝન ટિકિટ સાથે પકડાયેલા દિવ્યાંગને બે વર્ષની સજા

। પ્રતિનિધિ, સુરત, તા.૧૧ ।

કોઈમ્બતુર રાજકોટ એક્સપ્રેસ ટ્રેનમાં બોગસ સિઝન ટિકિટ સાથે મુસાફરી કરતી વેળા પકડાયેલા પ ાલઘરના દિવ્યાંગ આરોપીને સુરત કોર્ટે કસુરવાર ઠેરવી બે વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આ કેસની વિગત એવી છે કે, ગત તારીખ ૧૮-૩-૨૦૧૭ના રોજ સવારે કોઈમ્બતુર રાજકોટ એક્સપ્રેસના કોચ નંબર છમાં ટીસી(ટિકિટ ચેકર) દ્વારા મુસાફરોની રેલવે ટિકિટની તપાસ કરવામાં આવી રહી હતી. તે વખતે ભિલાડ સ્ટેશન પસાર થયા બાદ ટીસીએ બોગસ સિઝન ટિકિટ સાથે મફત મુસાફરી કરતા હિતેશ લાલજી કીકાણી (રહે. બોઈસર ડ્રીમ સિટી, ધાનાણી નગર, પાલઘર, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો. રેલવે પોલીસે તેની સામે બોગસ દસ્તાવેજની કલમ હેઠળ સહિતનો ગુનો નોંધ્યો હતો. આ ગુના માટે ન્યાયિક કાર્યવાહી સુરતની રેલવે કોર્ટમાં ચાલી હતી. સુરત રેલવે કોર્ટના આસિસ્ટન્ટ પ બ્લિક પ્રોસિક્યુટર એડવોકેટ માર્ટીન પરમારે આરોપીને સજા કરવા દલીલો કરી હતી.

## પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે પડેલા સાળાની છરીના ઘા છીંકી હત્યા

। પ્રતિનિધિ, પોરબંદર, તા.૧૧ ।

પોરબંદર શહેરના વિરડી પ્લોટ વિસ્તારમાં આજે વહેલી સવારે હત્યાની ઘટના બની હતી. પતિ-પ ત્નીના ઝગડામાં, મહિલાનો મામાનો દીકરો ભાઈ વચ્ચે સમજાવવા આવ્યો હતો. દરમિયાન ઉશ્કેરાયેલા પતિએ સાળાને છરીના ઘા ઝીંકી દેતા નિતીન નામના યુવકને છરીના ઘા ઝીંકી દેતા તેને સારવારમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજતા બનાવ હત્યામાં ફેરવાયો છે. આ મામલે મૃતક યુવાનના પરિવારના શોભનાબેન પરમારે પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેઓના લગ્ન ૮ વર્ષ પહેલાં નરેશ ગોવિંદ પરમાર નામના વ્યક્તિ સાથે થયા હતા. નરેશ પરમાર અવારનવાર દારૂ પી હેરાન પરેશાન કરતો હતો. તેનાથી કંટાળી છેલ્લા બે વર્ષથી મહિલા માવતરના ઘરે પોરબંદરના વીરડી પ્લોટમાં રહે છે. તેનો પતિ નરેશ છેલ્લા પાંચ દિવસથી પોરબંદર આવ્યો છે.



## સિનિયર સિટીઝનો ની સલામતીની વાતો માત્ર કાગળ ઉપર

# અમદાવાદમાં ઘરના કબાટમાંથી ૫૦,૦૦૦ની રોકડની ચોરી છતાં પોલીસ કાર્યવાહી નહીં !

### સારંગપુર પોલીસ ચોકીએ સિનિયર સિટીઝન ને બોલાવીને જવાબ લઈને ઘરે રવાના કરી દીધા

। ક્રાઈમ રિપોર્ટર,અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદ શહેરમાં સિનિયર સિટીઝનો ની સલામતી રાખવી અને તેમના વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરતા રહેવું તેવી તમામ પોલીસ સ્ટેશનને સુચના આપવામાં આવી હોવા છતાં દિવાળીના દિવસોમાં પોતાના ઘરમાં એકલા રહેતા સિનિયર સિટીઝનો પોતાને અસલામતી અનુભવી રહ્યા છે અને આવો જ એક કિસ્સો સારંગપુર વિસ્તારમાં નાના દેરાસર ના ખાચામાં રહેતા રાજેશભાઈ કાંતિલાલ શાહ નામના સિનિયર સીટીઝનનો બહાર આવ્યો છે તેઓ પોતે પાંચ કુવા પ્રાઈવેટ કંપનીમાં કાપડની દુકાનમાં નોકરી કરે છે .

દિવાળીના આગલા દિવસો દરમિયાન તેમના ધર્મના કબાટમાંથી ૫૦,૦૦૦ ની ચોરી થઈ હતી. તેમણે ખાડિયા પોલીસ સ્ટેશનમાં હકીકત જણાવી હતી કે તેમના ઘરના કબાટમાંથી પચાસ હજારની રોકડ રકમની ચોરી થઈ ગઈ છે તેઓ સિનિયર સિટીઝન છે અને પોતાની તબિયત સારી રહેતી નહીં હોવાથી જીવનભરની મૂડી રોકડ સ્વરૂપે કબાટમાં મૂકી રાખતા હતા તેઓ ઓફિસે જાય ત્યારે એક ચાવી પડોશમાં રહેતી. તેમના ઓફિસ ગયા બાદ એ કામ વાળા બહેન પણ ઘરનું સફાઈ કામ કરવા માટે આવતા હતા બનાવના દિવસે રાજેશભાઈ શાહ તેમના કબાટ ની ચાવી કબાટમાં જ ભૂલી ગયા હતા અને એ જ દિવસે કામવાળા બહેને સવારે જ કહી દીધું હતું કે તેમના સંબંધી બીમાર હોવાથી તેઓ આવી શકશે નહીં .



સિનિયર સિટીઝનને ત્રણ ચાર ધક્કા ફેરા ખવડાવ્યા પછી માત્ર અરજી લઈને પોલીસે સંતોષ માણ્યો...

તેમની પાસે પણ બીજી ચાવી રહેતી હતી.રાજેશભાઈએ સાંજે નોકરી પરથી પરત આવ્યા પછી જોયું તો કબાટ ખુલ્લું હતુ પરંતુ કંઈ વેર વિખેર ન હતું પરંતુ તેમના કબાટમાંથી ૫૦,૦૦૦ ની રોકડ રકમ ની ચોરી થઈ ગયેલી હતી તેમનું માનવું છે કે આ ચોરી કોઈ જાણકાર વ્યક્તિએ કરી હશે એવું વિચારીને તેમણે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા માટે ગયા હતા પરંતુ પોલીસે તેમને ધક્કા ફેરા ખવડાવ્યા હતા તેમ છતાં ત્રણ દિવસ બાદ તેમની માત્ર ફરિયાદ અરજી લીધી હતી .ત્રણ ચાર દિવસ બાદ આ ફરિયાદ અરજી સારંગપુર પોલીસ ચોકીમાં ટ્રાન્સફર કરીને તેમને જવાબ માટે બોલાવ્યા હતા તેમનો જવાબ લીધા બાદ ફરજ પરના પોલીસ કર્મચારીએ તેમને મકાનની ચાવી પરત આપીને જરૂર પડશે તો બોલાવીશું તેમ કહીને રવાના કરી દીધા હતા.

## ગુજરાત ભરમાંથી યાત્રાળુઓ પરિક્રમા રૂટ પર રવાના થયા

# ગિરનાર લીલી પરિક્રમાને પ્લાસ્ટિક મુક્ત બનાવવા મહેન્દ્રાનંદગીરીજી મહારાજની ભક્તોને અપીલ

। પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૧૧ ।

જૂનાગઢમાં લીલી પરિક્રમાની શરૂઆત થઈ ચૂકી છે. આ વર્ષે ૧ દિવસ પહેલા પરિક્રમાની શરૂઆત કરવામાં આવી છે. વિગતો મુજબ લોકોની ભીડને ધ્યાનમાં રાખી પરિક્રમા વહેલી શરૂ કરાઈ છે. આ તરફ પરિક્રમામાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડી છે. ગુજરાત ભરમાંથી યાત્રાળુઓ પરિક્રમા રૂટ પર રવાના થયા છે. આ તરફ તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે.દેવ ઊઠી અગિયારસના દિવસથી વિધિવત રીતે ગિરનારની પરિક્રમાનો પ્રારંભ થાય છે, પરંતુ ભાવિકો વહેલા આવી જતા તેમજ ભાવિકોનો ધસારો ખૂબ વધી જતાં તંત્ર દ્વારા એક દિવસ પહેલાં જ પરિક્રમાનો ગેટ ખોલવામાં આવ્યો છે. જુનાગઢ ગિરનાર લીલી પરિક્રમાનો એક દિવસ પહેલા જ પ્રારંભ કરવામાં આવ્યો છે. ગાર્ગાચાર્ય પીઠ ૧૦૦૮ જગતગુરૂ ગર્ગાચાર્ય પીઠાધિશ્વર મહેન્દ્રાનંદ ગીરીજી મહારાજે ગિરનાર લીલી પરિક્રમાને પ્લાસ્ટિક મુક્ત બનાવવા ભક્તોને અપીલ કરતા જણાવ્યું હતું કે, આ વખતે ગિરનાર લીલી પરિક્રમાને પ્લાસ્ટિક મુક્ત રાખી અને પ્રકૃતિનું જતન કરી દત્ત મહારાજની સાચા અર્થમાં ભક્તિ કરવા માટે હું તૈયાર છું. શું તમે તૈયાર છો? આમ, ગિરનાર લીલી પરિક્રમામાં આવનારા તમામ ભક્તોને પ્લાસ્ટિક સાથે કોઈએ ન લાવવા નમ્ર અપીલ કરી છે.

# તાપીમાં લગ્નની વાતને લઈને બોલાચાલી થતી પુત્રએ પોતાના જ પિતાની હત્યા કરી

। પ્રતિનિધિ, તાપી,તા.૧૧ ।

તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના સુંદર પુર ગામે લગ્નની બાબતે પિતા સાથે બોલાચાલી થતાં પુત્રએ તેની અદાવત રાખી રાત્રિ દરમિયાન સૂતેલા પિતા પર સળિયાના ઘા ઝિંકીને મોતને ઘાટ ઉતારતાં ઉચ્છલ પંથકમાં ચકચાર મચી જવા પામી છે.તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના સુંદરપુર ગામના હોલીપાડા ફળિયામાં રહેતા શિવાજી વસાવા અને તેમનો ૩૨ વર્ષીય પુત્ર હરપાલ વસાવા વચ્ચે લગ્ન કરાવવા બાબતે બોલાચાલી થઈ હતી. હરપાલ વસાવા એ તેના પિતાને 'મારા લગ્ન કરાવવા પર કેમ ધ્યાન નથી આપતા?' એમ કરીને બોલાચાલી કરી હતી. જેની અદાવત રાખીને પોતાના જ પુત્ર દ્વારા રાત્રિ દરમિયાન સૂતેલા પિતા પર સળિયાના ઘા ઝિંકી હુમલો કરવામાં આવ્યો હતો.ઘટનામાં ૭૩ વર્ષીય શિવાજી વસાવા પર થયેલ હુમલામાં તેમને સુરતની એપલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા.







તંત્રી લેખ...

# પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ

રામનવમીના તહેવાર પ્રસંગે દેશના કેટલાક હિસ્સામાં જે રીતે ઉપદ્રવ મચાવવામાં આવ્યો અને શ્રીરામની શોભાયાત્રાઓને નફરતી તત્ત્વો દ્વારા નિશાન બનાવવામાં આવી, તેનાથી ગયા વર્ષની એ ઘટનાઓની યાદ તાજી થઈ ગઈ, જ્યારે આ જ પર્વ દરમ્યાન કેટલાય શહેરોમાં મોટા પાયે હિંસા આચરવામાં આવી હતી. એ માનવાનાં ઘણાં કારણો છે કે રામનવમી પર કાઢવામાં આવતી શોભાયાત્રાઓ પર કોઈ સુનિયોજિત ષડયંત્ર અંતર્ગત હુમલા થઈ રહ્યા છે. તેનું પ્રમાણ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર, ગુજરાતના વડોદરા અને પશ્ચિમ બંગાળના હાવડામાં થયેલ હિંસાથી મળી આવે છે. સંભાજી નગરમાં એક રામ મંદિર પાસે ભારે હિંસા કરવામાં આવી અને જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી તો ઉપદ્રવીઓએ તેને પણ નિશાનો બનાવી. તેને કારણે કેટલાય પોલીસકર્મીઓ પણ ઘાયલ થઈ ગયા. વડોદરામાં રામનવમીએ નીકળેલી બે શોભાયાત્રાઓ પર હુમલા કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ. ત્યાં શોભાયાત્રા પર હુમલાની સાથે જ હિંદુઓના ઘરો અને દુકાનોને પણ નિશાનો બનાવવામાં આવી. એનાથી પણ ચિંતાજનક વાત એ રહી કે ત્યાં બીજા દિવસે પણ હિંસા ચાલુ જ રહી. હાવડામાં શુક્રવારની નમાજ બાદ હિંસક ભીડે જેવો ઉત્પાત મચાવ્યો, તેનાથી સ્પષ્ટ છે કે તેમનું દુસ્સાહસ વધેલું હતું અને તેમને પોલીસની સતર્કતાથી કશો ફરક પડતો ન હતો.આશ્ચર્ય નહીં કે મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ કથને ઉપદ્રવી તત્ત્વોનું દુસ્સાહસ વધારવાનું કામ કર્યું હોય કે મુસ્લિમ વિસ્તારોમાંથી રામનવમીની શોભાયાત્રાઓ ન કાઢવામાં આવે. આખરે આ પ્રકારનું નિવેદન આપવાની જરૂર જ શી હતી? શું શોભાયાત્રાઓ માટે મુસ્લિમ વિસ્તારો નિષેધ છે? જો કોઈ એમ કહે કે હિંદુ સમુદાય મુસ્લિમ વિસ્તારોમાંથી શોભા યાત્રાઓ ન કાઢે તો પછી કોઈ એમ પણ કહેશે કે મુસલમાનોએ પોતાનાં જુલૂસ હિંદુઓના વિસ્તારમાંથી ન કાઢવાં જોઈએ. શું મમતા બેનર્જી આવું ઈચ્છે છે? શું મુસ્લિમ વિસ્તારો કોઈ એવાં વિશેષ સ્થળ છે, જ્યાં અન્ય કોઈ સમુદાયના લોકોએ ન જવું જોઈએ? આ સવાલ માત્ર મમતા બેનર્જીને જ નહીં, એમને પણ છે, જેઓ ગંગા-જમુની તહેજીબનાં ગતકડાં રમતાં મૂક્યા કરે છે. આ કથિત તહેજીબ એક છેતરપિંડી જ છે અને તેમાં મુસ્લિમ સમુદાય સિવાય અન્ય કોઈ બીજા માટે સ્થાન નથી. આ તહેજીબનાં વખાણ કરનારાઓએ એ પણ જણાવવું જોઈએ કે આખરે શોભાયાત્રાઓ પર જ હુમલા કેમ થઈ રહ્યા છે? જ્યારે હાવડામાં શોભાયાત્રા પોલીસ દ્વારા નક્કી કરવામાં આવેલા માર્ગ પર જ નીકળી રહી હતી, તો પછી તેના પર કોઈ વાંધો કેવી રીતે ઉઠાવી શકે? એનાથી પણ મોટો પ્રશ્ન એ છે કે કોઈ શોભાયાત્રા પર હુમલો કરવાની હિંમત જ કેવી રીતે કરી શકે? સામાન્ય રીતે આવી હિંમત ત્યારે જ થઈ શકે, જ્યારે તોફાની તત્ત્વોને પોલીસની કોઈ જ બીક ન રહી હોય. શોભાયાત્રાઓ પર થનારા હુમલા માત્ર કાયદો-વ્યવસ્થાને જ સીધો પડકાર નથી, બલ્કે દેશના સામાજિક તાણાવાણાને ધ્વસ્ત કરવાની કુચેષ્ટા પણ છે.

# ફુડ સંબંધિત કોર્સમાં હવે ધસારો



આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઈને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઈએ. ફુડ ક્રાફટ, ફુડ પ્રોડકશન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિગ, રેલવે કેટેરિંગ, આર્મી કેટરિગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઈ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઈન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઈ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે. અલબત્ત વેતન સંસ્થાન માટે ધોરણ અલગ હોઈ શકે છે. પરંતુ એક સારા અને કુશળ ફુડ પ્રોડક્શન મેનેજરને પ્રતિ માસ ૧૦થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. દસ વર્ષના અનુભવ બાદ ૫૦ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. એક્ઝીક્યુટીવ શેફ બની જવાની સ્થિતીમાં તો સેલેરી લાખો સુધી પહોંચી જાય છે. ભોજનને જેટલા સ્વાદિષ્ટ બનાવવાની કુશળતા રહેશે તેટલો સારો પગાર ઉમેદવારને મળે છે.



**સમય ઓનલાઇન, ઇ-કામસના છે ત્યાર સાવધાના જરૂરા બના....**

**ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેકશનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે**

# ફ્રોડના કેસો હવે સતત વધી રહ્યા છે

**૩૬ ટકા લોકો ઓનલાઇન છેતરપિંડીનો શિકાર થઇ રહ્યા છે : નવા સર્વે મુજબ ઓનલાઇન શોપિંગ સુવિધાજનક છે પરંતુ સાવધાની જરૂરી છે**

ભાગદોડની લાઈફમાં લોકો ઓનલાઈન ખરીદી અને કારોબાર તરફ વધી રહ્યા છે. પરંતુ આને લઈને કેટલીક સાવધાની જરૂરી બની ગઈ છે. કારણ કે ઓનલાઈન કારોબારના સમયમાં ઠગાઈ અને છેતરપિંડીના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. લોકો ઓનલાઈન ખરીદી કરીને કેટલીક વખત મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ઓનલાઈનનો છે. સાવધાની વધારે જરૂરી બની ગઈ છે. ઈ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઈ રહ્યુ છે.




આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઈન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઈને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઈ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમા ંજ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઈન ચેટિંગનો શિકાર થઈ જાય છે. ઓનલાઈન બિલ પેમેન્ટ કરવા, કોઇ ઈ-કોમર્સ સાઈટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઈ જાય છે. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના અનેક મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઈન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઈન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઈલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કોિ ચીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઈન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઈન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઈ ગઈ છે. કેટલાક કેસમાં ઓનલાઈન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઈફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા.હકીકતમાં આ સમસ્યા કોઈ પણ તબક્કામાં થઈ શકે છે. આના માટે સેલ અને ડિલિવરી વ્યવસ્થાને સમજવાની જરૂર હોય છે. ફેબ ઈન્ડિયા જેવી સાઈટસ માત્ર પોતાના પ્રોડક્ટ વેચે છે. જ્યારે મોટા ભાગની સાઈટ એવી છે જે ઘણા બધા સેલર માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. ફલીપકાર્ટ, નો સમાવેશ થાય છે. અહીં જે ઓર્ડર અપાય છે. તે પ્રોડક્ટ વેબસાઈટ અથવા તો સેલર પોતે આપના સુધી પ્રોડક્ટસ પહોંચાડે છે. જેના કારણે પ્રોડકટસ ની ક્વાલિટી અને ડિલિવરીની ગેરંટી હોય છે. આ સાઈટો બીજા સેલરથી પેદાશો ખરીદે છે. પરંતુ તેની ક્વાલિટી ચકાસે છે. પોતે જે ડિલિવરી કરે છે. જેમ કે ફલીપકાર્ટ ટુંક સમયમા ંજ એફ-એશ્યોર્ડ લોંચ કરનાર છે. જેના કારણે વધારે સારી રીતે ચીજ પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. એનેઝોન પણ એક પ્રાઈમ પેઈડ સર્વિસ છે. જે ` ૫૦૦ રૂપિયા વર્ષભરના આપવાના કેસમાં આવી સુવિધા આપે છે. ટેકનોલોજીની સારી સુવિધા ધરાવનાર ઠગ લોકો કેટલીક વખત એક જેવા દેખાતા લોકો અને ડોમેન નેમની સાથે નકલી સાઈટ બનાવી નાંખે છે.

જે બિલકુલ અસલ જેવી દેખાય છે. આના મારફતે કસ્ટમરો મારફતે નાણાં વસુલ કરીને ગાયબ થઈ જાય છે. નકલી વેબસાઈટનો ઉપયોગ કરીને લોકોને જુદા જુદા લાલચ આમાં આપવામાં આવે છે. જેના ભાગરૂપે ઠગ લોકો ખુબ સફાઈથી લોકોને ગેરમાગે દોરી દેવામાં સફળ રહે છે. બીજી રીતે સાઈટ સાચી અને સેલર ખોટા તેવી બાબત હોય છે. જો તમને કોઈ પેદાશ મળતી નથી અથવા તો તુટેલી મળે છે તો વેબસાઈટ નહી બલ્કે સેલર અથવા તો કુરિયર કંપની ઠગાઈ કરનાર હોઈ શકે છે. અલબત્ત આ સાઈટ્સ પોતે પણ ખરીદારના રેટિંગ અને બીજા તરીકા સાથે સેલર પર ચાંપતી નજર રાખે છે. છતાં તમામ છેતરપિંડી કરનાર લોકોને પકડી પાડવાની બાબત સરળ હોતી નથી.



**સલાહ : ફિટનેસને જાળવીને જ કોઇ નક્કર કામો કરી શકાય છે....**

**વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે**

# હાલના સમયમાં વર્કઆઉટ ખુબ જરૂરી

**યોગ્ય સમય પર ફુલ મસ્તી અને મુડ સાથે વર્ક આઉટ કરવા અને બોડીને ફિટ રાખવા શ્રેણીબદ્ધ વિકલ્પ છે : તમામ વિકલ્પો અજમાવવાની જરૂર**

કોરોનાથી બોધપાઠ લીધા બાદ હવે લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થયા છે. કોરોના કોઈ પણ કિંમતે બિમારીથી દુર રહેવાના પ્રયાસો કરે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લોકો ઈમ્યુનિટી વધારવા અને અને ફિટનેસ પ્રત્યે વધારે ધ્યાન આપી રહ્યા છે. કેટલાક લોકો ફિટનેસને લઈને ચિંતાતુર બની ગયા છે. કારણ કે તેમની પાસે વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી. જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે. જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે. વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે. ધીમી ગતિથી આની શરૂઆત કરવી જોઈએ. પોતાના રૂમમાં હળવી કસરત કરીને પણ ફિટનેસ મેળવી શકાય છે. ઘરમાં પણ રહીને ફિટનેસ જાળવી શકાય છે. આના માટે પોતાના ફેવરીટ કલાકારોના વિડિયોનો ઉપયોગ કરી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે શરીર માટે કસરત ખુબ જરૂરી છે પરંતુ રોજ રોજ એક પ્રકારની કસરત અથવા તો વર્કઆઉટથી કેટલીક વખત કંટાળો આવવા લાગી જાય છે. જો તમે બોર થયા વગર વર્ક આઉટ કરો છો તો કોઈ તકલીફ નથી પરંતુ જો બોરિંગ અનુભવ થાય તો મસ્તીની સાથે



વર્ક આઉટ કરવામાં આવે તે જરૂરી છે. ફુલ મસ્તીની સાથે દરરોજ વર્ક આઉટ કરવા માટે પણ શ્રેણીબદ્ધ વિકલ્પ રહેલા છે. બોડીને ફિટ રાખવા માટે કેટલાક વિકલ્પ સ્પષ્ટપણે રહેલા છે. જેને અજમાવીને રાહત અનુભવ કરી શકાય છે. ૯૦ના દશકમાં કોલંબિયા ફિટનેસ નિષ્ણાંતો દ્વારા શરૂ કરવામા ંઆવેલા વર્ક આઉટ હાલના દિવસોમાં ભારતમાં ખુબ લોકપ્રિય છે. લૈટિન મ્યુઝિકની સાથે તેમાં જુદા જુદા ડાન્સ ફોર્મના મિશ્રણ રહેલા છે. જેમ કે સાલસા, બેલી ડાન્સિંગ, સોકા, રિગેટન, જુમ્બાનો સમાવેશ થાય છે. જુમ્બા કેટલાક પ્રકારના હોય છે. જેમ કે સ્વિમિંગ પુલમાં એક જુમ્બા કરવામાં આવે છે. બાળકો માટે જુમ્બા કિડસ્ છે. મોટી વયના લોકો માટે જુમ્બા ગોલ્ડ છે. જુદા જુદા સંગીતના તાલ પર ઝુમવાથી પણ સારી કસરત થઈ જાય છે. પોઈલેટ્સ વર્ક આઉટ પણ ઉપયોગી છે. કમજોર ઘુટણ અને પીઠ માટે આ વર્ક આઉટ આદર્શ સાબિત થઈ શકે છે. જેને ચાદર બિછાવીને સુઈ જઈને મ્યુઝિક સાથે કરવામાં આવે છે. આના કારણે શરીરમાં તાજગી રહે છે. કમરના હિસ્સાને મજબુતી મળે છે. ફ્લેક્સિબિલિટી આવે છે. આને મોર્નિંગ વર્ક આઉટના હિરો તરીકે ગણી શકાય છે. આની શરૂઆત એક જર્મન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં આની લોકપ્રિયતા વિશ્વભરમાં વધી હતી. ત્યારબાદ લોકો આ વર્કઆઉટ તરફ આકર્ષિત થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પણ પાઈલેટ્સની લોકપ્રિયતા સતત વધી છે. મસાલા ભાંગડા નામથી પણ એક વર્ક આઉટ કરવામાં આવે છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા ંઆવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે. પાઈલેટ્સ અને બોકિંસગના યોગ્ય તરીકે પાઈલોકિસગ છે. આની શરૂઆત સ્વીડનના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. મહિલાઓ માટે આ ખાસ ફાયદાકારક છે. આના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસ અને ફિટનેસને લઈને વિશ્વાસ વધે છે. આ કસરતથી મનને પણ સંતોષ મળે છે. જોરદાર વર્ક આઉટ કરવાના બદલે ફુલ મસ્તીમાં વર્ક આઉટ પણ અસરકારક સાબિત થાય છે. નવા નવા અભ્યાસમાં પણ આ બાબત સાબિત થઈ ચુકી છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં પણ વ્યક્તિ થોડાક સમય માટે વર્ક આઉટ કરે તે જરૂરી છે. વર્કઆઉટ શરીરને ફિટ રાખવામાં અને કેટલીક ચોક્કસ બિમારીને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. મોટા ભાગના લોકોને તબીબો પણ હવે તો સવારમાં વર્કઆઉટ કરવા માટેની સલાહ આપે છે. સાથે સાથે મોટા ભાગના લોકો હવે નવા પ્રયોગ કરવા પણ લાગી ગયા છે. આના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. કેટલાક લોકો નિયમિતપણે મોર્નિંગ વોક કરે છે



**ચિંતા : કેન્સરની સંખ્યા દર વર્ષે એક લાખ ૭૫ હજાર થઇ**

**બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે**

# બાળકોમાં કેન્સરના કેસો વધ્યા છે

**બાળકોમાં થતા કેન્સર રોગના લક્ષણ પણ વહેલી તકે જાણી શકાતા નથી કારણ કે લક્ષણો અન્ય સામાન્ય બિમારી જેવા જ હોય છે**

ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સની અંદર ડીએનએ મોલીક્યુલ્સમાં અપરિવર્તનીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલો કરી દે છે. આ જ કેન્સર જેવી બિમારીનુ ઉત્પાદન કરવામા ચાવીરૂપ ભૂમિકા અદા કરી દે છે. આ તમામ ચીજો પણ હવે બાળકોમાં દેખાવવા લાગી ગઈ છે. બાળપણમાં કેન્સર થવાને ચાઈલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા. પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે. કેન્સર શરીરમાં જુદા ભાગોમાં સામાન્ય કોશિકાઓના અનિયંત્રિત વૃદ્ધિના કારણે જન્મ લે છે. સામાન્ય પરિસ્થિતીમાં સેલ્સ અથવા તો કોશિષાકાના એક નિયંત્રિત તંત્ર અથવા તો વ્યવસ્થા તરીકે હોય છે. ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સ અથવા તો કોશિકાની અંદર ડીએનએ મોનીક્યુલ્સમાં અપરિવર્તીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલા કરી દે છે. જેના કારણે કેન્સર જેવી ખતરનાક બિમારી ફેલાઈ જાય છે. આ તમામ ચીજો હવે બાળકોમાં પણ દેખાવવા લાગી ગઈ છે. દુનિયાભરમાં એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ચાઈલ્ડહુડ કેન્સરની



દર વર્ષે ઘટના એક લાખ ૭૫ હજાર જેટલી છે. શોધથી એવુ પણ જાણવા મળ્યુ છે કે ચાઈલ્ડહુડ કેન્સરના કારણે મૃત્યુ પામનાર બાળકોનો મૃત્યુ દર આશરે ૨૦ ટકા જેટલો રહ્યો છે. જેમાં હાલના વર્ષોમાં ૦.૬ ટકાનો વધારો થયો છે. બાળકોમાં થનાર કેન્સરના પ્રકાર મોટી વયના લોકોમાં થનાર કેન્સર કરતા અલગ પ્રકારના હોય છે. જેમ કે લ્યુકેમિયા, બ્રેન એન્ડર અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટેમ ટ્યુમર, ન્યુરોબલાસ્ટોમાં, વિલ્મિસ ટ્યુમર, લિન્ફોમા, રેટિનોબસ્ટોપમાં અને બોન કેન્સરનો સમાવેશ થાય છે. અન્ય પ્રકારના કેન્સર બાળકોમાં જોવા મળતા નથી. પરંતુ આનો મતલબ એ બિલકુલ નથી કે અન્ય પ્રકારના કેન્સર બાળકોને થઈ શકે નહી. બોનમેરો અને બ્લડ કેન્સરને લ્યુમકેમિયા કહેવામાં આવે છે. બાળકોમાં જોવા મળતા કેન્સરમાં લ્યુમકેમિયા ૩૦ ટકા સુધી રહે છે. તેના લક્ષણ સર્વસામાન્ય હોય છે. જેમ કે હાડકામાં દુખાવા, થાક, કમજોરી, સ્કીનમાં પીળાશપણનો સમાવેશ થાય છે. કેમિયોથેરાપી આનો એકમાત્ર ઉપચાર છે. બોન કેન્સર હાડકાના કેન્સર તરીકેછે. આ શરીરના કોઈ પણ ભાગથી શરૂ થઈને થઈ શકે છે. આ રોગ ત્યારબાદ હાડકામાં ફેલાઈ જાય છે. આ રોગ હાડકામાં સોજા અને પીડા આપવાની શરૂઆત કરે છે. બ્રેન એન્ડ અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યમર ચાઈલ્ડ કેન્સરના એક પ્રકાર તરીકે છે. બ્રેઈન ટ્યુમર અનેક પ્રકારના રહે છે. આ તમામના ઉપચાર પણ જુદા જુદા છે. તેમાં માથામાં દુખાવા, ઉલ્ટી થવી અને ચક્કર આવવા જેવી બાબતો હોય છે. ન્યુરોબલાસ્ટોમાં કેન્સર મોટા ભાગે નવજાત શિશુમાં જોવા મળે છે. આ રોગ ૧૦ વર્ષથી ઉપરના બાળકોને ક્યારેય થાય તેવા સંજોગો હોતા નથી. પેટમાં સોજા, હાડકામાં પીડા અને તાવ જેવા તેના લક્ષણ રહે છે. વિલ્મેસ ટ્યુમર મોટા ભાગે ચાર અથવા તો પાંચ વર્ષના બાળકોમાં જોવા મળે છે. પેટમાં ગાંઠો આના કારણે પડી જાય છે. આના કારણે ભુખ લાગતી નથી. તાવની અસર પણ રહે છે. લિમ્ફોમાં કેન્સર બાળકોમાં જોવા મળે છે. તેના લક્ષણની વાત કરવામાં આવે તો વજન ઘટવાની બાબતનો સમાવેશ થાય છે. તાવ પણ આવે છે. વારંવાર પરસેવા થાય છે. થાક પણ લાગે છે. રાબડોમસોસરકોમાં કેન્સર માથા, ગર્દન, કમર અને પેટના ભાગ સહિત શરીરના કોઈ પણ ભાગમાં થઈ શકે છે. રેટિનોબસ્ટોમાં આંખના કેન્સર તરીકે છે. સામાન્યરીતે તે બે વર્ષની વયના બાળકોમાં જોવા મળે છે. લક્ષણ તરીકે આંખમાં લાલ રંગ નજરે પડે છે. આંખો હમેંશા લાલ અથવા તો સફેંદ નજરે પડે છે. કેન્સર નિષ્ણાંત તબીબો કહે છે કે કેન્સરના લક્ષણોને ઓળખી કાઢવાની બાબત સામાન્યરીતે મુશ્કેલ હોય છે. કારણ કે તેના તમામ લક્ષણ અન્ય સામાન્ય બિમારીની જેમ જ હોય છે. આ પ્રકારની પિડા થવાની સ્થિતીમાં બાળકની કાળજી સૌથી મહત્વપૂર્ણ બાબત રહે છે. કેન્સર રોગ કેટલી ઝડપથી વધે છે તે બાબત પણ મહત્વપૂર્ણ બની જાય છે.

CMYK



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK

## સંસદ એ રાજાઓ અને રાજકુમારોનો મહેલ નથી: સપા સાંસદ ચૌધરી

। લખનૌ, તા.૧૧ ।

યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીના લોકસભા સાંસદ આરકે ચૌધરીએ સંસદમાં લગાવેલા સેંગોલ પર સવાલ ઉઠાવ્યા છે અને તેને હટાવવાની માંગ કરી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાને લખેલા પત્રમાં તેમણે કહ્યું કે સેંગોલ રાજાશાહીનું પ્રતીક છે અને આવી સ્થિતિમાં તેની જગ્યાએ બંધારણ રાખવું જોઈએ.આરકે ચૌધરીએ લખ્યું કે મેં આ સન્માનિત ગૃહના સભ્ય તરીકે તમારી સમક્ષ શપથ લીધા છે કે હું કાયદા દ્વારા સ્થાપિત ભારતના બંધારણમાં સાચી શ્રદ્ધા અને નિષ્ઠા રાખીશ, પરંતુ ગૃહની ખુરશીની જમણી બાજુ સેંગોલને જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો.

## આગામી બજેટમાં સરકાર ઘણા ઐતિહાસિક પગલાં લેશે : રાષ્ટ્રપતિ

। નવીદિલ્હી, તા.૧૧ ।

દેશમાં ૧૮મી લોકસભાની રચના બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુરુવારે સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. આ દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે આગામી બજેટમાં ઘણા ઐતિહાસિક પગલા લેવામાં આવશે અને મોટા આર્થિક નિર્ણયો લેવામાં આવશે. ૧૮મી લોકસભાની રચના બાદ સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે આગામી સંસદ સત્રમાં સરકાર દ્વારા રજૂ કરવામાં આવનાર બજેટ તેના ભાવિ લક્ષી વિઝનનો દસ્તાવેજ બની રહેશે.રાષ્ટ્રપતિએ કહ્યું કે બજેટમાં મોટા આર્થિક અને સામાજિક નિર્ણયો હશે અને ઘણા ઐતિહાસિક પગલાં લેવામાં આવશે.

## જિસ દિન સડકો પે આ ગયે, તુમ્હારી રૂહ કાંપ જાયેગી,તૌકીર રઝા ખાન

। નવીદિલ્હી,તા.૧૧ ।

ઈસ્લામિક ધાર્મિક નેતા તૌકીર રઝા ખાને, તેમના ભડકાઉ નિવેદનો માટે જાણીતા છે. તેમણે મુસ્લિમોને એક થવા અને રવિવારે દિલ્હીને ઘેરી લેવા અપીલ કરી છે. મુસ્લિમ ધાર્મિક નેતા અને ઈત્તેહાદ-એ-મિલ્લત પરિષદના વડા, તૌકીર રઝાએ કહ્યું કે જો આપણે અમારી વાતને પાર પાડવા માંગતા હોય તો બધા મુસ્લિમોએ એક થઈને દિલ્હીને ઘેરી લેવું જોઈએ. તૌકીર રઝાએ ફરી એકવાર ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું અને કહ્યું કે કોઈના બાપની તાકાત નથી કે, અમારી સંપત્તિ પર કબજો કરી શકે. તેણે કહ્યું કે તમે અમારી સંખ્યા કેમ છુપાવો છો, જે દિવસે અમે રસ્તા પર આવીશું.

## પુત્ર અમિતની જીત માટે હું કોઈની સામે ભીખ નહીં માંગું : રાજ ઠાકરે

। મુંબઈ, તા.૧૧ ।

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નજીક છે. આવી સ્થિતિમાં તમામ પક્ષો તેમની તૈયારીના અંતિમ તબક્કામાં છે. આ દરમિયાન મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે ચૂંટણીમાં પુત્ર અમિત ઠાકરેની જીત માટે તેઓ કોઈની સામે ભીખ નહીં માંગે. ઉલ્લેખનીય છે કે અમિત ઠાકરે માહિમ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.રાજ ઠાકરેએ કહ્યું, 'અમિતની જીત માટે હું કોઈની સામે ભીખ નહીં માંગું. જે પણ સામે આવશે તેની સામે અમે લડીશું અને અમિતને ચૂંટણીમાં ચોક્કસપણે વિજયી બનાવીશું. મેં ક્યારેય પરિવારમાં રાજકારણ આવવા દીધું નથી. મેં આદિત્યને ઉમેદવાર આપ્યો નથી.રાજ ઠાકરેએ કહ્યું, 'મારા પુત્રની સામે ઉમેદવાર ન ઊભો રાખવો, મેં આ માટે કોઈને બોલાવ્યા નથી.'

### સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થશે

# ઝારખંડમાં પ્રથમ તબક્કાની ૪૩ બેઠકો ઉપર ચૂંટણી પ્રચાર બંધ થયો, ૧૩ નવેમ્બરે પ્રથમ તબક્કાનું મતદાન

**પ્રથમ તબક્કામાં, ભૂતપૂર્વ સીએમ ચંપાઈ સોરેન, ઓડિશાના રાજ્યપાલ રઘુવર દાસની પુત્રવધૂ, ભૂતપૂર્વ સીએમ અર્જુન મુંડાની પત્ની સહિત ઘણા દિગ્ગજ લોકોની વિશ્વસનીયતા દાવ પર**

। રાંચી,તા.૧૧ ।

ઝારખંડ ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રચારનો ઘોંઘાટ આજથી બંધ થઈ ગયો છે.હવે ઉમેદવારો ડોર ટુ ડોર જનસંપર્ક પ્રચાર કરી શકશે. ઝારખંડની ૪૩ બેઠકો માટે પ્રથમ તબક્કાનું મતદાન ૧૩ નવેમ્બરે છે. સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થશે. કેટલાક વિસ્તારોમાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી મતદાન થશે, પ્રથમ તબક્કામાં ઘણા દિગ્ગજ નેતાઓની વિશ્વસનીયતા દાવ પર છે.




પ્રથમ તબક્કામાં કુલ ૬૮૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. ૧,૩૬,૮૫, ૫૦૯ મતદારો આ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે, જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૬૮,૬૫, ૨૦૮ છે જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૬૮,૨૦,૦૦૦ છે. આ સિવાય વિકલાંગ મતદારોની સંખ્યા ૧,૯૧,૫૫૩ છે. પ્રથમ તબક્કામાં ત્રીજા લિંગના મતદારોની સંખ્યા ૩૦૧ છે. ઝારખંડમાં ૧૩ નવેમ્બરે ૪૩ બેઠકો પર મતદાન માટે કુલ ૧૫,૩૪૪ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે, જેમાં શહેરી મતદાન મથકોની સંખ્યા ૨૬૨૮ છે જ્યારે ગ્રામીણ મતદાન મથકોની સંખ્યા ૧૨,૭૧૬ છે.

ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૮ વર્ષથી ૩૦ વર્ષની વચ્ચેના મતદારોની કુલ સંખ્યા ૪૧,૮૮,૬૩૬ છે. જેમાં ૨૦ લાખથી વધુ પુરુષ મતદાતા છે જ્યારે ૨૧ લાખથી વધુ યુવા મહિલા મતદારો છે. તે જ સમયે, ૮૫ વર્ષથી વધુ વયના મતદારોની સંખ્યા ૬૩,૭૨૫ છે. ૧૦૦ વર્ષથી ઉપરના મતદારોની સંખ્યા ૯૯૫ છે. સોમવારે એટલે કે આજે ઝારખંડના પાંચ જિલ્લાઓમાં ૨૨૫ બૂથ પર હેલીડ્રોપિંગ દ્વારા ચૂંટણી કર્મચારીઓને મોકલવામાં આવશે, જેમાં પશ્ચિમ સિંહભૂમ, લાતેહાર, લોહરદગા, ગુમલા અને ગઢવા જિલ્લાનો સમાવેશ થાય છે.

પ્રથમ તબક્કામાં જે દિગ્ગજ નેતાઓની પ્રતિષ્ઠા દાવ પર છે તેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડાની પત્ની મીરા મુંડા, ઓડિશાના રાજ્યપાલની પુત્રવધૂ પૂર્ણિમા દાસ સાહુ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી રઘુવર દાસ, ધારાસભ્ય સીપી સિંહ, પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેન, મંત્રી ડૉ.રામેશ્વર ઓરાં, મંત્રી બાના ગુપ્તા, મંત્રી દીપક બિરુવા, મંત્રી રામદાસ સોરેન, ભાજપના ઉમેદવાર અને રાજ્યના પૂર્વ મંત્રી, હાલના ધારાસભ્ય નીલકંઠ સિંહ મુંડા, હટિયા બેઠકના ધારાસભ્ય નવીન જયસ્વાલ, ગઢવા બેઠક પરથી હેમંત સોરેન કેબિનેટ મંત્રી મિથિલેશ ઠાકુર અને બરકાગાંવ બેઠક પરથી યોગેન્દ્ર સાહુના પરિવારની રાજકીય પ્રતિષ્ઠા દાવ પર છે.

### અક્ષરધામની આસપાસના વિસ્તારમાં ધુમ્મસની ચાદર જોવા મળી

# દિલ્હીમાં ઝેરી હવાને કારણે પરિસ્થિતિ દિવસેને દિવસે બગડી રહી છે । લોકોની મુશ્કેલી વધી

। નવીદિલ્હી, તા.૧૧ ।



અક્ષરધામની આસપાસના વિસ્તારમાં ધુમ્મસની ચાદર જોવા મળી હતી. જ્યાં એકયુઆઇ ૩૭૮ નોંધવામાં આવ્યો છે,સીપીસીબી અનુસાર, પ્રદૂષણનું સ્તર 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં છે. આનંદ વિહાર - ૩૮૨,બવાના - ૪૦૧, અશોક વિહાર - ૩૮૦ એકયુઆઇ નોંધવામાં આવ્યો છે. બીજી તરફ દિલ્હીના કાલિંદી કુંજમાં યમુના નદીમાં ઝેરી ફીણ તરતું જોવા મળી રહ્યું છે. જેના કારણે નદીમાં પ્રદૂષણનું સ્તર ઊંચું રહે છે. તબીબોનું કહેવું છે કે હવામાન ઠંડું થતાં પ્રદૂષણનું સ્તર વધ્યું છે. નીચલા સ્તરે પ્રદૂષણના કણોને કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. આમાં એવા લોકો પણ પરેશાન થઈ રહ્યા છે જેમને પહેલા કોઈ સમસ્યા ન હતી.પાટનગરમાં ધુમ્મસ અને ધુમ્મસના કારણે લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. આ કારણે વિઝિબિલિટી ખૂબ જ ઓછી નોંધાઈ રહી છે. જેમ જેમ શિયાળો નજીક આવી રહ્યો છે તેમ તેમ વિઝિબિલિટી ઘટી રહી છે. રવિવારે સવારે સફદરજંગમાં વિઝિબિલિટી ૫૦૦ મીટર હતી. જે સામાન્ય રીતે આ સમયે એક હજાર મીટરથી વધુ રહે છે. તે જ સમયે, પાલમમાં સવારે ૫.૩૦ થી સવારે ૬ વાગ્યાની વચ્ચે ૭૦૦ મીટર વિઝિબિલિટી નોંધાઈ હતી. જેના કારણે લોકોને સવારે દૂર સુધી દર્શન કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વાહન ચાલકોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તેમજ ધુમ્મસના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. એટલું જ નહીં, આંખોમાં બળતરા પણ અનુભવાઈ હતી. સીપીસીબીના જણાવ્યા અનુસાર, મોસમી ફેરફારોને કારણે હવાની ગુણવત્તામાં સુધારો થયો હતો. આવી સ્થિતિમાં એર ક્વોલિટી ઈન્ડેક્સમાં સતત ત્રણ દિવસથી સુધારો થઈ રહ્યો છે. જેના કારણે એકયુઆઇ ૩૩૪ નોંધાયો હતો. જો કે, હવા હજુ પણ ખૂબ જ ખરાબ છે. આ શનિવારની સરખામણીમાં ૧૮ પોઈન્ટનો ઘટાડો છે. તે જ સમયે, શુક્રવારની તુલનામાં ૪૬ ઈન્ડેક્સનો ઘટાડો જોવા મળી રહ્યો છે. બીજી તરફ એનસીઆરમાં ફરીદાબાદમાં સૌથી સ્વચ્છ હવા હતી. અહીં એકયુઆઇ ૧૨૨ હતો, જે મધ્યમ છે.

### માયાવતીએ રેલી દરમિયાન કોંગ્રેસ અને ભાજપ પર નિશાન સાધ્યું

# ગરીબો, દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોના હિતોની અવગણના કરવામાં આવી છે : માયાવતી

। હુસૈનાબાદ,તા.૧૧ ।



બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ ઝારખંડના પલામુ જિલ્લાના હુસૈનાબાદમાં એક રેલી દરમિયાન કોંગ્રેસ અને ભાજપ પર નિશાન સાધ્યું હતું. આ દરમિયાન તેમણે આરોપ લગાવ્યો કે આ પક્ષો અનામતના મામલે એસસી,એસટી,ઓબીસી સમુદાયના અધિકારોની અવગણના કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આ પાર્ટીઓએ આરક્ષણને નબળું પાડવાનો પ્રયાસ કર્યો છે. ગરીબો, દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોના હિતોની અવગણના કરવામાં આવી છે. આ દરમિયાન તેમણે અનામતને લઈને અન્ય પ્રાદેશિક પક્ષોની પણ ટીકા કરી હતી.કર્પૂરી મેદાન ખાતે રેલીને સંબોધિત કરતી વખતે, બસપા વડાએ લોકોને અપીલ કરી કે તેઓ બીએસપી ઉમેદવાર શિવ પૂજન મહેતાને સમર્થન આપે. શિવ પહેલીવાર ૨૦૧૪માં બસપાની ટિકિટ પર હુસૈનાબાદથી ચૂંટાયા હતા. તેમણે કહ્યું કે હવે સમય આવી ગયો છે કે લોકો આ જાતિવાદી પક્ષોમાંથી બહાર આવે અને બસપાને સમર્થન આપે.માયાવતીએ કોંગ્રેસ-ભાજપ જેવી પાર્ટીઓ પર રાજકીય લાભ માટે અનામત પ્રણાલીને નબળી કરવાનો આરોપ લગાવ્યો. વધુમાં, તેમણે કહ્યું કે આ પક્ષોએ દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોના હિતોની અવગણના કરી છે.માયાવતીએ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળને પ્રકાશિત કર્યો. તેમણે દાવો કર્યો હતો કે તેમની સરકારે તમામ સમુદાયોના વિકાસ માટે કામ કર્યું છે અને ગરીબો અને ભૂમિહીન લોકોને જમીન આપવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બસપા એકમાત્ર એવી પાર્ટી છે જે ડૉ. બી.આર. આંબેડકર અને કાંશીરામના સપનાઓને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ છે.

## છત્તીસગઢમાં ગેંગસ્ટર અમિત જોશ એન્કાઉન્ટરમાં માર્યો ગયો, ૪૦ થી વધુ કેસ નોંધાયા હતા

। દુર્ગ, તા.૧૧ ।

